# વહીવટી તંત્રને ગતિશીલ અને પારદર્શક બનાવાશે : ભુપેન્દ્ર પટેલ



ગાંધીનગર, તા.૧૩

રાજ્યના વહીવટી તંત્રને ગતિશીલ ઝડપી અને પારદર્શક બનાવવા માટે રાજ્ય સરકારે સચિવાલયથી લઈને તાલુકા કક્ષા સુધીની સરકારી કચેરીઓમાં કામગીરી ઓફલાઈન જે થતી હતી તેમાં રાજ્ય સરકાર હવે સરકારી કચેરીઓને પેપર લેસ બનાવવા માટે નવી ઈ-સરકાર એપ્લિકેશન સરકારી કચેરીઓમાં શરૂ કરી છે. રાજ્યમાં સચિવાલયના વડાઓની કચેરીઓથી લઈને તાલુકા કક્ષા સુધીની સરકારી કચેરીઓને જીસ્વાન નેટવર્કથી જોડવામાં આવ્યું છે અને તમામ સરકારી કચેરીઓમાં ઓનલાઈન વહીવટી કામગીરી માટે iwdms એપ્લિકેશન અત્યાર સુધી અમલી કરવામાં આવી હતી.

અગાઉ સચિવાલયના વિવિધ વિભાગોના વડાઓની કચેરીઓ તેમજ જિલ્લાની સરકારી કચેરીઓને તાલુકા કક્ષાની સરકારી કચેરીઓમાં વહીવટી કામગીરીમાં ઓફલાઈન ફાઈલ ઉપર તેમજ ઓનલાઇન iwdms એપ્લિકેશન ઉપર કામગીરી કરવામાં આવતી હતી.

હવે રાજ્ય સરકારે વહીવટી તંત્રમાં તમામ કામગીરી સંપૂર્ણ ઓનલાઈન કરવા માટે અને સરકારી કચેરીઓને પેપર લેશ કરવા માટે તમામ સરકારી કચેરીઓમાં iwdmsની ની જગ્યાએ નવું ઈ-સરકાર એપ્લિકેશન તૈયાર કરીને તમામ સરકારી કચેરીઓમાં આ એપ્લિકેશન વિભાગોના તાબા હેઠળની કચેરીઓ સાથે લિંક અપ કરીને નવી ઈ- સરકાર એપ્લિકેશન ઉપર વહીવટી કામગીરી ઓનલાઈન શરૂ કરવામાં આવી છે. નવી ઈ-સરકાર ઓનલાઈન કામગીરીની સાથો સાથ જ ઓફલાઈન કામગીરી પણ ચાલુ રખાશે જોકે તમામ ફાઈલોનું હવે સ્કેનિંગ કરીને ફાઈલો પણ ઈ-સરકાર એપ્લિકેશનમાં અપલોડ કરાશે. અને તબક્કાવાર તમામ ફાઈલો નું સ્કેનિંગની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવ્યા બાદ તબક્કાવાર તમામ વહીવટી કામગીરીને ઈ-સરકાર દ્વારા ઓનલાઈન કરીને સરકારી કચેરીઓને પેપર લેસ બનાવવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર દ્વારા સરકારી કચેરીઓમાં વહીવટી કામગીરી માટે શરૂ કરવામાં આવેલી નવી ઈ-સરકાર એપ્લિકેશન પર કર્મચારી અધિકારીઓ અસરકારક રીતે કામગીરી કરી શકે તે માટે આ નવી એપ્લિકેશન અંગેની તાલીમ કર્મચારી અધિકારીઓને તેમજ મંત્રીમંડળના સ્ટાફને પણ તાલીમ આપવામાં આવી છે.

**ભુપેન્દ્ર પટેલની અનોખી સહજતા**

## દરેક મંત્રીઓની ચેમ્બર સામે ચાલીને શુભેચ્છા આપવા મુખ્યમંત્રી પહોંચ્યા

**મંત્રીશ્રીઓને શુભેચ્છા પાઠવવા આવેલા શુભેચ્છકો-નાગરિકો સાથે મંત્રીશ્રીઓના કાર્યાલયના પરસાળમાં ઊભા રહી વાતચીત કરીને લાક્ષણિક સરળતા દર્શાવી**





ગાંધીનગર, તા.૧૩

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ પોતાના આગવા સરળ-સહજ સ્વભાવથી 'સૌના ભૂપેન્દ્રભાઈ' બની રહ્યા છે.

તેમણે પોતાની આ સાહજિકતાનો એક વિશિષ્ટ પરિચય બીજીવાર મુખ્યમંત્રીનો પદભાર સંભાળ્યાના પ્રથમ દિવસે મંગળવારે સૌને કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રી તેમના મંત્રીમંડળના સહયોગી નવનિયુકત મંત્રીશ્રીઓના સ્વર્ણિમ સંકુલ-૧ અને સંકુલ-૨ માં આવેલા કાર્યાલયોમાં સામે ચાલીને અચાનક જઈ પહોંચ્યા હતા અને મંત્રીશ્રીઓને પદભાર સંભાળવા અવસરે પ્રત્યક્ષ શુભકામનાઓ આપી હતી.

એટલું જ નહિ, મંત્રીશ્રીઓને શુભેચ્છા પાઠવવા આવેલા શુભેચ્છકો-સામાન્ય નાગરિકો સાથે પણ મંત્રીશ્રીઓના કાર્યાલયની પરસાળમાં જ ઉભા રહીને મુખ્યમંત્રીશ્રી સામાન્ય વ્યક્તિ 'કોમનમેન'ની જેમ સૌને મળ્યા હતા. મુખ્યમંત્રીશ્રીની આવી સાહજીકતાથી મંત્રીશ્રીઓ અને શુભેચ્છકો-નાગરિકોએ આનંદ સહ આશ્ચર્યની અનૂભુતિ કરી હતી.

# વિધાનસભાનું સત્ર ૧૯ થી ૨૧ ડિસેમ્બરે

**સભ્યોની શપથવિધિ; નવા અધ્યક્ષની ચૂંટણી તેમજ ઈમ્પેક્ટ ફી વટહૂકમને કાયદાનું રૂપ આપવાની કામગીરી હાથ ધરવામાં આવશે**

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યની પંદરમી વિધાનસભાનું ત્રિદિવસીય સત્ર ૧૯, ૨૦ અને ૨૧ દરમ્યાન યોજાશે.

૧૯મીએ ચૂંટાઈને આવેલા સભ્યોને ગૃહના પ્રોટોમ સ્પીકર દ્વારા શપથ લેવડાવવામાં આવશે. ૨૦મીએ રાજ્યના રાજ્યપાલશ્રી ગૃહને પ્રથમ સંબોધન કરશે. આ પહેલા વિધાનસભાના અધ્યક્ષની સર્વાનુમતે વરણી કરવામાં આવશે.

અધ્યક્ષપદ માટે ૧૯મીએ ઉમેદવારીપત્ર ભરવાનું રહેશે. અધ્યક્ષપદ માટે હાલ શંકરભાઈ ચૌધરીનું નામ ચાલી રહ્યુ છે. જો કે આ નામને લઈ અનિશ્ચિતતાઓ હોવાની વાતો ભાજપના આંતરિક સૂત્રોમાંથી સાંભળવા મળી છે.

પ્રોટોમ સ્પીકર તરીકે ગૃહના વયોવૃદ્ધ અને સિનીયર સભ્યની પસંદગી થતી હોય છે. આ વખતે પ્રોટોમ સ્પીકર તરીકે વડોદરાની માંજલપુર બેઠક પરથી વિજયી થયેલા યોગેશ પટેલની પસંદગી નિશ્ચિત મનાઈ રહી છે.

૨૦મીએ અધ્યક્ષપદની ચૂંટણી બાદ રાજ્ના રાજ્યપાલશ્રી ગૃહને સંબોધન કરશે અને નવ નિર્વાચીત સભ્યોને ગૃહની ઉચ્ચ પરંપરાનું જતન કરવાની શીખ આપશે.

૨૧મીએ વિધાનસભાના સત્રમાં ઈમ્પેક્ટ ફી અંગેના સરકારે જારી કરેલા વટહુકમને વિધયેક સ્વરૂપે રજુ કરી તેને મંજૂરી માટે રજુ કરવામાં આવશે અને ચર્ચાને અંતે ત્રણેય વાંચનમાંથી તેને પસાર કરવામાં આવશે.

ગુજરાત વિધાનસભાના આ પ્રથમ સત્ર બાદ સીધુ બજેટ સત્ર યોજાશે. ગુજરાતની ૧૪મી વિધાનસભાનું ૯મી ડિસેમ્બરના રોજ વિસર્જન કરવામાં આવ્યુ છે. હવે ૨૦મી ડિસેમ્બરથી ૧૫મી વિધાનસભાનું ગઠન થશે.

૧૫મી વિધાનસભામાં ભાજપના ૧૫૬, કોંગ્રેસના ૧૭, આપના ૫, સમાજવાદી પાર્ટી-૧ અને ૩ અપક્ષ સભ્યો ચૂંટાઈને આવ્યા છે.

## વિપક્ષી નેતા તરીકે ડૉ. ચાવડાની પસંદગી થાય તેવા સંકેતો મળી રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત વિધાનસભામાં વિપક્ષના નેતા તરીકે ડૉ. સી.જે. ચાવડાનું નામ સર્વ સંમતિ સાથે ઉભરી આવ્યુ છે. જો કે ૧૯મીએ ચૂંટાયેલા પક્ષના સભ્યોની બેઠક મળશે અને તેમાં નામ નક્કી કરાશે.

કોંગ્રેસ પક્ષના વિધાનસભામાં ૧૭ સભ્યો ચૂંટાઈને આવ્યા છે. વિપક્ષના નેતા તરીકે ડૉ. સી.જે. ચાવડાનું નામ ઉપસી રહ્યુ છે. તેઓ ગૃહમાં ગાંધીનગર અને ગાંધીનગર (ઉ) બેઠકનું પ્રતિનિધિત્વ કરી ચુક્યા છે. ૨૦૨૨ની ચૂંટણીમાં તેમણે વિજાપુર બેઠક પરથી ૭ હજારથી વધુ મતોએ વિજય પ્રાપ્ત કરેલ છે.

ડૉ. ચાવડા વેટરનરી ડૉક્ટર હોવા ઉપરાંત અધિકારીમાંથી રાજકારણમાં પ્રવેશ્યા છે. તેઓની સ્પષ્ટ વક્તા તરીકેની છાપ તેમજ મિત્તભાવી અને મિલનસાર સ્વભાવ ધરાવતા નેતા છે.

## ભૂપેન્દ્ર પટેલે સતત બીજીવાર રાજ્યનું જનસેવા દાયિત્વ સંભાળ્યું

**મુખ્યમંત્રીશ્રી કાર્યાલયમાં દાદા ભગવાન, સીમંધર સ્વામીની પૂજા-અર્ચના કરી : 'સહુજન હિતાય સહુજન સુખાય'ની ખેવના સાથે કાર્યભાર સંભાળતા શ્રી ભૂપેન્દ્ર પટેલ**



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વિધાનસભા ચૂંટણીઓમાં પ્રચંડ જનસમર્થન મેળવીને સતત બીજીવાર મુખ્યમંત્રીપદનો કાર્યભાર મંગળવારે તા. ૧૩મી ડિસેમ્બરે સવારે શુભ મૂહુર્તમાં વિધિવત સંભાળ્યો છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સીમંધર સ્વામીની મૂર્તિ તથા પૂજ્ય દાદા ભગવાનના શ્રીચરણોમાં ભાવપૂષ્પ અર્પણ કરીને રાજ્યનું જનસેવા દાયિત્વ આજથી સંભાળી લીધું છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે રાજ્ય મંત્રીમંડળના નવનિયુક્ત મંત્રીશ્રીઓ પણ પૂજન-અર્ચનમાં સહભાગી થયા હતા.

મુખ્યમંત્રી તરીકે શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સમગ્ર મંત્રીમંડળે સહુજન હિતાય-સહુજન સુખાયની ખેવના તેમજ 'સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ'ના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા ધ્યેયમંત્ર સાથે આજે મંગળવાર તા. ૧૩મી ડિસેમ્બરથી જ પોતાના પદભાર સંભાળ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ નવનિયુક્ત સૌ મંત્રીશ્રીઓને શુભેચ્છાઓ પાઠવી હતી અને રાજ્યના ઉત્તરોત્તર અવિરત વિકાસમાં તેમનું યોગદાન મળતું રહે તેવી મંગળકામનાઓ વ્યક્ત કરી હતી.

## રાજયમાં ઉદ્યોગો મોટા પ્રમાણમાં વધે અને રોજગારી નિર્માણની અગ્રતા છે : બળવંતસિંહ



ગાંધીનગર, તા.૧૩

રાજયમાં ઔદ્યોગિક વિકાસ સદાય અને રાજયમાં મોટા પ્રમાણમાં ઉદ્યોગો આવે તે માટે તેમજ રાજયના યુવાઓને રોજગારી પ્રાપ્ત થાય તેમ જ ઉદ્યોગોને પણ તેમની જરૂરિયાત મુજબના સ્કીલ મેન પાવર ઉપલબ્ધ થાય તે માટે રાજય સરકાર ઉદ્યોગોને અનુરૂપ શિક્ષણ મેળવીને સ્કીલ મેન પાવર તૈયાર કરવાની દિશામાં રાજય સરકાર ભાર મૂકશે એમ રાજયના ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું.

રાજયના ઉદ્યોગ મંત્રી તરીકે પદ ભાર સંભાળ્યા બાદ પ્રતિક્રિયા આપતા ઉદ્યોગ મંત્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં યોજવામાં આવેલા ગુજરાતમાં વાઈબ્રન્ટ સમિટ કાર્યક્રમ દ્વારા ગુજરાતને એક ઔદ્યોગિક રાજય તરીકે દરજ્જો મળી શક્યો છે. અને સમગ્ર ગુજરાતે ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરી છે.

તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ માટે દરેક જિલ્લામાં વિવિધ ક્ષેત્રમાં ઉદ્યોગો આવે તે માટેના રાજય સરકાર દ્વારા પ્રયાસ કરવામાં આવશે.

# નવસારીમાં ધોધમાર વરસાદ

**ઠંડીનું જોર વધશે : નાગલી, ડાંગર, સહિત શાકભાજીને નુકસાન થવાની ભીતિ સર્જાઇ : ધોધમાર વરસાદ પડતા રસ્તા પર પાણી ફરી વળ્યા હતા. કમોસમી વરસાદને કારણે ખેડૂતોમાં ચિંતાનો માહોલ છવાયો હતો**

અમદાવાદ,તા.૧૩

પાકિસ્તાનમાં સક્રિય થયેલાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી અમદાવાદ સહિત રાજ્યના મોટા ભાગના શહેરોના લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જેના કારણે રાજ્યનાં મહત્તમ શહેરોના તાપમાન વધી રહ્યું છે. અમદાવાદનું પણ લઘુત્તમ તાપમાન એક જ દિવસમાં ૬ ડિગ્રી વધી ગયું છે. જેના કારણે શહેરમાં ગરમી અને ઠંડીમાં અનુભવાઈ રહ્યો છે. રાજ્યમાં હજી આગામી ત્રણ દિવસ ઠંડી ઘટશે. જે બાદ ઠંડી વધવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આગામી ચાર દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાતના તાપી, વલસાડ, નર્મદા અને ડાંગ જેવા વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડશે. નવસારીનાં વાંસદા તાલુકાના વાતાવરણમાં પલટો આવ્યો છે. વાંસદા તાલુકાના કાવડેજ ગામમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ધોધમાર વરસાદ પડતા રસ્તા પર પાણી ફરી વળ્યા હતા. કમોસમી વરસાદને કારણે ખેડૂતોમાં ચિંતાનો માહોલ છવાયો હતો. ઠંડીમાં માવઠાને કારણે નાગલી, ડાંગર, સહિત શાકભાજીને નુકસાન થવાની ભીતિ સર્જાઈ છે. હવામાન વિભાગ દ્વારા અહીં હજી આગામી બે દિવસ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. વલસાડ જિલ્લામાં કમોસમી વરસાદ વરસ્યો હતો. સવારથી જિલ્લાના વાદળછાયું વાતાવરણ હતું. વાદળછાયા વાતાવરણ વચ્ચે વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. જિલ્લામાં સવારથી જ તમામ તાલુકાઓમાં વાદળછાયું વાતાવરણ છવાયું હતું. અગાઉથી જ હવામાન વિભાગે વરસાદની આગાહી કરી હતી. આથી હવામાન વિભાગની આગાહી પ્રમાણે જ જિલ્લામાં સવારથી વાદળછાયું વાતાવરણ છવાયું હતું.

સાંજના સમયે ધરમપુરના અંતરિયાળ વિસ્તારોમાં છૂટો છવાયો કમોસમી વરસાદ વરસ્યો હતો. કમોસમી વરસાદ અને વાતાવરણમાં પલટાને કારણે ખેતીના શાકભાજી સહિતના પાકોને નુકસાનની ભીતીને કારણે ખેડૂતોમાં ચિંતા નો માહોલ છવાયો હતો. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી રાજ્યના મોટા ભાગના શહેરોના તાપમાનમાં છેલ્લા ત્રણેક દિવસથી તાપમાનમાં વધારો નોંધાયો છે.

સોમવારે સમગ્ર રાજ્યમાં ૧૧ ડિગ્રી સાથે નલિયા સૌથી ઠંડું શહેર બન્યું હતુ. આ ઉપરાંત અન્ય તમામ શહેરોમાં ઠંડીનો પારો ૧૩થી ૨૩ ડિગ્રી વચ્ચે પહોંચ્યો હતો. જેથી ઠંડીમાં ઘટાડો થયો હતો અને ગરમીમાં વધારો થયો હતો. બંગાળની ખાડી કે અરબી સમુદ્રમાં કોઈપણ સિસ્ટમ સક્રિય થાય તેની અસર ગુજરાતના વાતાવરણ ઉપર જોવા મળે છે.

## એનસીપીના વડા શરદ પવારને ફોન પર મારી નાખવાની ધમકી

**પોલીસના જણાવ્યા પ્રમાણે ફોન કરનાર વ્યક્તિની ઓળખ થઈ ચૂકી છે, ફોન બિહારથી આવ્યો હતો, ફોન કરનાર વ્યક્તિ અગાઉ પણ પવારને ફોન કરીને ધમકી આપી ચૂક્યો છે**

મુંબઈ, તા.૧૩

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ચીફ શરદ પવારને ફોન પર જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. ફોન કરનારા વ્યક્તિએ પવારના સિલ્વર ઓક સ્થિત



આવાસ પર ફોન કરીને ધમકી આપી છે. ફોન કરનારે હિન્દીમાં વાત કરી અને કહ્યું કે, તે મુંબઈ આવીને પવારની હત્યા કરી નાખશે. ઘટના બાદ નજીકના ગામદેવી પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

પોલાસના જણાવ્યા પ્રમાણે ફોન કરનાર વ્યક્તિની ઓળખ થઈ ચૂકી છે. ફોન બિહારથી આવ્યો હતો. ફોન કરનાર વ્યક્તિ અગાઉ પણ પવારને ફોન કરીને ધમકી આપી ચૂક્યો છે. તે સમયે પોલીસે તેની અટકાયત કરી પૂછપરછ કરી હતી અને તેને સમજાવીને છોડી મૂક્યો હતો. હવે બીજી વખત ધમકી આપવા પર પોલીસે કેસ દાખલ કરી લીધી છે. પોલીસનો દાવો છે કે, ટૂંક સમયમાં ધમકી આપનાર વ્યક્તિની ધરપકડ કરી લેવામાં આવશે. અગાઉ એનસીપી નેતા શરદ પવાર ત્યારે ચર્ચામાં આવ્યા હતા જ્યારે પવાર વિરુદ્ધ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવા બદલ એક મરાઠી ટીવી અભિનેત્રીની ધરપકડ કરવામાં આવી હતી. કેતકી ચિતાલે નામની ટીવી અભિનેત્રી પર કથિત રીતે શરદ પવાર વિરુદ્ધ સોશિયલ મીડિયા પોસ્ટ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો જોકે ચિતાલેએ તેની પોસ્ટમાં કોઈનું નામ નહોતું લીધું. તાજેતરમાં રાજસ્થાનના નાગૌરથી સાંસદ હનુમાન બેનીવાલને પણ જાનથી મારી નાખવાની ધમકી મળી હતી.

## નવ ડિસેમ્બરે ચીન ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો જે ભારતીય સૈનિકોએ નિષ્ફળ બનાવ્યો

**રક્ષામંત્રી રાજનાથસિંહની સૈન્યના વડાઓ સાથે તત્કાળ બેઠક યોજાઈ : બેઠકમાં વિદેશ મંત્રી એસ જયશંકર, સીડીએસ લેફ્ટનન્ટ જનરલ અનિલ ચૌહાણ અને ત્રણેય દળોના વડાઓ સહિત તમામ અધિકારીઓ હાજર રહ્યા**

નવી દિલ્હી, તા.૧૩

કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહે આજે એટલે કે મંગળવારે, અરુણાચલ પ્રદેશના તવાંગ સેક્ટરમાં ચીની સેના સાથેની અથડામણના મુદ્દે તેમના નિવાસસ્થાને એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. જેમાં એનઆઈએ અજીત ડોભાલથી સીડીએસ અને આર્મી ચીફ હાજર હતા..




રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યું, ૯ ડિસેમ્બરે ચીને ઘુસણખોરીનો પ્રયાસ કર્યો હતો, જેનો ભારતીય જવાનોએ જડબાતોડ જવાબ આપ્યો હતો. જેના કારણે ચીનને પોતાના વિસ્તારમાં પાછા જવાની ફરજ પડી હતી. તેમણે કહ્યું કે, અમારો એક પણ સૈનિક શહીદ થયો નથી કે ગંભીર રીતે ઘાયલ થયો નથી. સેનાની વીરતા અને બહાદુરીને સલામ.

રાજનાથે કહ્યું કે, ચીની પક્ષને આવી કાર્યવાહી માટે મનાઈ કરવામાં આવી હતી અને સરહદ પર શાંતિ જાળવવા કહ્યું હતું. રાજદ્વારી સ્તરે ચીનની સાથે આ મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો છે. રાજનાથ સિંહે પોતાના નિવેદનમાં કહ્યું કે, આ ઘટના બાદ વિસ્તારના સ્થાનિક કમાન્ડરે સ્થાપિત વ્યવસ્થા હેઠળ ૧૧ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ પોતાના ચીન સમકક્ષ સાથે ફ્લેગ મીટિંગ કરી હતી અને ઘટના અંગે ચર્ચા કરી હતી.

રાજનાથે વધુમાં કહ્યું કે, હું આ ગૃહને આશ્વાસન આપવા માંગુ છું કે અમારી સેના અમારી પ્રાદેશિક અખંડિતતાની રક્ષા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે અને તેમની વિરુદ્ધ કોઈપણ પ્રયાસને રોકવા માટે હંમેશા તૈયાર છીએ. મને ખાતરી છે કે આ ગૃહ સર્વસંમતિથી આપણા દળોની બહાદુરી અને હિંમતને સમર્થન આપશે.

અરુણાચલ પ્રદેશમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે અથડામણને લઈને રક્ષા મંત્રી રાજનાથ સિંહે બેઠક બોલાવી હતી. આ બેઠકમાં વિદેશ મંત્રી એસ જયશંકર, સીડીએસ લેફ્ટનન્ટ જનરલ અનિલ ચૌહાણ અને ત્રણેય દળોના વડાઓ સહિત તમામ અધિકારીઓ હાજર રહ્યા. શુક્રવારે ભારતીય સૈનિકોએ ચીનના ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું હતું.

## મોદીને મારવાની ધમકી આપનારા કોંગ્રેસના પૂર્વ મંત્રી રાજા પટેરિયાની ધરપકડ

**વડાપ્રધાન પર વિવાદાસ્પદ ટિપ્પણીને લઈને કાર્યવાહી**



ભોપાલ, તા.૧૩

કોંગ્રેસના પૂર્વ મંત્રી રાજા પટેરિયાની ધરપકડ કરવામાં આવી છે. રાજા પટેરિયાએ પીએમ મોદી પર વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. એમપીના દમોહના હટ્ટાથી સવારે લગભગ ૫.૩૦ વાગ્યે કોંગ્રેસના નેતા રાજા પટેરિયાની ધરપકડ કરવામાં આવી હતી. રાજા પટરિયાનો એક વીડિયો સામે આવ્યો હતો જેમા તે કથિત રીતે પીએમ મોદીને મારવાની વાત જોવા મળી રહ્યા હતા. જોકે બાદમાં પટેરિયાએ પોતાનું નિવેદન ફેરવી કહ્યું હતું કે તેઓ આગામી ચૂંટણીમાં મોદીને હરાવવા માગે છે અને હત્યાનો અર્થ હાર થાય છે.

રાજા પટેરિયાનો વીડિયો વાઈરલ થયા બાદ કહ્યું કે તેઓ આગામી ચૂંટણીમાં ભાજપને હરાવવા માગે છે. તેણે કહ્યુ હતુ કે પ્રવાહમાં બોલાય ગયુ હતું. આ વીડિયો રેકોર્ડ કરનાર વ્યક્તિએ આ જ ભાગ વાઈરલ કર્યો હતો. રાજાએ કહ્યું કે આ વીડિયો એડિટ કરવામાં આવ્યો છે. મારો મતલબ એવો ન હતો. મારા નિવેદનને ફેરવીને રજૂ કરવામાં આવ્યું હતું.